
# E-HRMS Recruitment Help File

# for

# Anganwadi Worker




# આંગણવાડી કાર્યકરની અરજી માટેની માર્ગદર્શિકા

- સૌ પ્રથમ તમારા કોમ્પ્યુટરમાં કે મોબાઈલનાં બ્રાઉઝરમાં https://e-hrms.gujarat.gov.in/ વેબસાઈટનું નામ ટાઈપ કરી બ્રાઉઝ કરવુ
- જેથી નીચે મુજબની સ્ક્રીન દેખાશે જેમાં આપવામાં આવેલ મેનુમાં **Recruitment** મેનું પર જઈ અને **Apply** મેનુ પર કલીક કરો



# આંગણવાડી કાર્યકરની અરજી માટેની માર્ગદર્શિકા

- Apply menu પર કલીક કર્યા બાદ નીચે મુજબની સ્ક્રીન દેખાશે જેમાં અરજી કરો મેનુ પર કલીક કરવું તેમજ તેમની બાજુમાં રહેલ મેનુ પર જાહેરાત અંગેની માહિતી તેમજ ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની સુચનાઓની માહિતી તેમજ ભરતીની જગ્યાઓ અંગેની માહિતી જોઈ શકાશે.



# આંગણવાડી કાર્યકરની અરજી માટેની માર્ગદર્શિકા

**eHRMS GUJARAT**

E-Tool for Human Resource Management System

एनआईसी National Informatics Centre

सत्यमेव जयते

Department Of :- WOMEN AND CHILD DEVELOPMENT    Advertise :- Demo Gandhinagar

Consent Form

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત સંકલિત બાળ વિકાસ સેવા યોજનામાં આંગણવાડી કાર્યકર/તેડાગરની ભરતી પ્રકિયા માટે સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા બાહર પાડવામાં આવેલ ઠરાવ ક્રમાંક નં. આઇસીડી/૧૦૨૦૧૯/૧૬૫૨/બ (પાર્ટ-૨), તા.૨૫/૧૧/૨૦૧૯થી આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટેના ધોરણો, કાર્યકર/તેડાગર સેવાપોથી, EHRMS, અને ઓનલાઇન ભરતી પ્રક્રિયા અંગેની ધોરણો, માનદસેવા, સમીક્ષા, શિસ્ત બાબતના નિયમોને અધીન રહેશે. આ ઠરાવ તથા તેના સંબંધિત વખતોવખતના સુધારા આદેશો અને તેની તમામ શરતો મને બંધનકર્તા રહેશે.

(૨) અરજદાર દ્વારા એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ સુધારાને અવકાશ રહેશે નહી.

(૩) અરજીફોર્મમા ભરેલ માહિતી અને અપલોડ કરેલા દસ્તાવેજોની વિગતોમાં કોઇ પણ વિસંગતતા હશે તો અરજદારની ઉમેદવારી રદ્દ ગણાશે. અપલોડ કરેલ અસલ દસ્તાવેજો બરાબર વાંચી શકાય તે પ્રકારના હોવા જોઇએ અન્યથા ફોર્મ રદ્દ થવાપાત્ર ગણાશે. આ બાબતે અરજદારની કોઇપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહી.

(૪) જે કિસ્સાઓમાં અરજદારે એક કરતા વધારે પ્રયત્ન કરી પરીક્ષા પાસ કરેલ હશે તો તેવા કિસ્સાઓમાં અરજદારએ દરેક પ્રયત્નની માર્કશીટ સ્કેન કરી અપલોડ કરવાની રહેશે, એકથી વધુ પ્રયત્ને પાસ થનાર ઉમેદવારે જે તે માર્કશીટનાં પાસ થયેલા વિષય/વિષયોનાં ગુણ જ ગણવાનાં રહેશે. ત્યારબાદ ફરીથી પાસ થયેલ વિષય/વિષયોનાં ગુણ ગણવા. આમ, કુલ ૭ વિષયનાં કુલગુણ ૭૦૦ હોય તો જુદી-જુદી માર્કશીટ પૈકી ૭૦૦ માંથી પાસ થયેલા વિષયોના ગુણજ ગણવા. દા.ત. કુલ-ગુણ ૭૦૦ માંથી ૩૨૫ મેળવેલ ગુણ હોય જેમાં એક વિષયનાં ૨૫ ગુણ સાથે નાપાસ હોય તો મેળવેલ ગુણ ૩૦૦ ગણવાનાં રહેશે. ત્યારબાદ તે વિષયમાં પાસ થવાથી ૫૦ ગુણ હોય તો કુલગુણ ૭૦૦ માંથી મેળવેલ ગુણ ૩૫૦ થશે.

(૫) જે કિસ્સામાં માર્કસશીટમાં ગ્રેડ/સ્કોર (CPI/CGPA) દર્શાવેલ હોય તે કિસ્સામાં યુનિવર્સિટી/કોલેજ દ્વારા જારી કરવામાં આવેલ ગ્રેડ/સ્કોરમાંથી ગુણ/ટકાવારીની ગણતરી અથવા યુનિવર્સિટી/કોલેજ પાસેથી જ એ ગણતરી થયેલ માર્ક્સ/ટકાવારીનું પ્રમાણપત્ર/માર્કસશીટ ફરજિયાત અપલોડ કરવાનું રહેશે.

(૬) આ અરજી પત્રક માત્ર ઉમેદવારી નોંધવવા માટે છે. તે નિમણૂંક અંગેની દાવેદારી સબબ ગણવામાં આવશે નહી.

(૭) અરજદારનું નામ અંગ્રેજી તથા ગુજરાતીમાં એમ બન્ને રીતે ભરવાનું રહેશે, અને આ સિવાયની તમામ વિગતો અરજદાર દ્વારા અંગ્રેજીમાં ભરવાનુ રહેશે.

(૮) આંગણવાડી કાર્યકર/ તેડાગરની માનદસેવામાં પસંદગી માટે મેરીટ આધારીત પસંદગી પધ્ધતિ હોય, ઉમેદવારે અભ્યાસ પૂર્ણ કરેલ શૈક્ષણીક લાયકાત ધોરણ-૧૦/ ધોરણ-૧૨/ ડીપ્લોમા/ સ્નાતક/ અનુસ્નાતક વિગેરે. કોર્ષની વિગતો અરજીમાં દર્શાવવાની રહેશે અને જો આ વિગતો અધુરી/અપૂર્ણ/ખોટી આપેલ હશે તો અરજી રદ્દ થશે.

(૯) શૈક્ષણિક લાયકાતની સામે ગુણ અથવા તો ટકાવારીમાં જ માહિતી ભરવાની રહેશે. જે માન્ય યુનિ./કોલેજના માર્કશીટ મુજબ જ હોવી જોઈએ. કોઇએક શૈક્ષણિક લાયકાત કોર્ષમા મેળવેલ ગુણ દર્શાવવાની પધ્ધતિ ગુણ અથવા ટકાવારી એમ બે પૈકી કોઇ એક પ્રકારની પધ્ધતિથી દર્શાવવાની રહેશે.

(૧૦) ફક્ત અરજદાર દ્વારા કન્ફર્મ કરેલ અરજી જ સ્ક્રુટિની માટે ધ્યાને લેવામાં આવશે

(૧૧) અરજદાર દ્વારા અરજી ફોર્મમાં દર્શાવવામાં આવલા બન્ને નામો (રજીસ્ટ્રેશન અને SSC પ્રમાણેના નામ) સિવાય કોઇ અન્ય નામથી પ્રમાણપત્ર/દસ્તાવેજો માન્ય રહેશે નહિ અને આ કિસ્સામાં અરજી રદ્દ ગણાશે. રજીસ્ટ્રેશન વખતે ભરેલ નામ જ માનદસેવામાં નિમણુક માટે માન્ય રાખવામાં આવશે.

(૧૨) કન્ફર્મ એપ્લિકેશન કરતાં પહેલા અરજદારે અપલોડ કરેલ બધા જ દસ્તાવેજો ઓપન કરીને ખાત્રી કરી લેવાના રહેશે, જેથી સાચા અને ઓરીજનલ દસ્તાવેજો સારી રીતે અપલોડ થયેલ છે, તેની અરજદારે જાતે ખાતરી કરવી ત્યારબાદ તે અંગે કોઇપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.


ઉપરોક્ત જણાવેલ સુચનાઓમાંથી કોઇપણ શરત પૂર્ણ ન હોય તો અરજદારની અરજી રદ્દ ગણાશે જેની મને જાણ છે, આ તમામ સૂચનાઓ મેં વાંચી અને સમજી છે અને હું સંમત છું.

I Agree

- Apply menu પર કલીક કર્યા બાદ નીચે મુજબ ની સ્ક્રીન દેખાશે જેમાં દર્શાવેલ તમામ સુચનાઓનો બરાબર અભ્યાસ કરવો જે સુચનાઓ અરજી ભરતાં સમયે ઉપયોગી થશે. ત્યારબાદ નીચે જણાવેલ I Agree બટન પર કલીક કરવું.


# આંગણવાડી કાર્યકરની અરજી માટેની માર્ગદર્શિકા

- I Agree બટન પર કલીક કર્યા બાદ નીચે મુજબની રજીસ્ટ્રેશન કરવાની સ્ક્રીન દેખાશે. જેમાં આપવામાં આવેલ તમામ વિગતો ધ્યાનથી વાંચી આપવામાં આવેલ આપનો જીલ્લો, તાલુકા, ગામ/શહેર તેમજ આંગણવાડી અંગેની વિગતો ડ્રોપ ડાઉન મેનુમાંથી સીલેકટ કરવી તેમજ ઉમેદવારે લગ્ન બાદનું અથવા હાલનું આખું નામ અંગ્રેજી તેમજ ગુજરાતી માં લખવું.
- ત્યારબાદ જે જગ્યા માટે ઉમેદવાર અરજી કરે છે તે જગ્યા (આંગણવાડી કાર્યકર) પસંદ કરી મોબાઈલ નંબર લખવો ત્યારબાદ Send OTP મેનુ પર કલીક કરવું.




# આંગણવાડી કાર્યકરની અરજી માટેની માર્ગદર્શિકા

- Send OTP પર કલીક કર્યાબાદ તમારા દ્વારા આપવામાં આવેલ મોબાઈલ નંબર પર OTP સંદેશ મોબાઈલ એપ્લીકેશન (ગુગલ પ્લે સ્ટોર પર ઉપલબ્ધ) તથા SMS માં આવશે. જે નીચે જણાવ્યા મુજબ બાજુનાં OTP મેનુમાં દાખલ કરવાનો રહેશે. જો OTP 5 મિનિટમાં તમારા મોબાઈલ પર ના આવે તો ફરીથી Resend OTP પર કલીક કરવું. OTP બાજુમાં દર્શાવ્યા મુજબ દાખલ કરવો અને સબમીટ મેનુ કલીક કરવું.




# આંગણવાડી કાર્યકરની અરજી માટેની માર્ગદર્શિકા

- **OTP દાખલ કર્યાબાદ નીચે જણાવ્યા મુજબ નું પોપઅપ મેનુમાં તમારો અરજી નંબર દર્શાવવામાં આવશે તેમજ તમારા રજીસ્ટર મોબાઈલ નંબર પર સંદેશ એપ્લીકેશન તથા SMS દ્વારા આ અરજી નંબર આપવામાં આવશે. જેને સાચવી ને રાખવો.**




# આંગણવાડી કાર્યકરની અરજી માટેની માર્ગદર્શિકા

- ત્યારબાદ નીચે મુજબની ઉમેદવારની માહિતી ભરવા અંગેની સ્ક્રીન દેખાશે જેમાં ઉમેદવારે તમામ માહિતી ખુબ જ ચોકસાઈ પુર્વક ભરવાની રહેશે. જેમાં પુરૂ નામ ધો. ૧૦ ના પ્રમાણપત્ર મુજબ (અંગ્રેજી તેમજ ગુજરાતી) બંનેમાં ભરવાનું રહેશે, અને જન્મતારીખ, રાષ્ટ્રીયતા, વૈવાહિક સ્થિતી, જાતિ, સરનામું વિ. વિગતો માગ્યા મુજબની ભરવાની રહેશે.
- આ બાબતે જાતિ (SC, ST, OBC તથા EWS કિસ્સામા) અને વિધવા હોવા અંગેનુ પ્રમાણપત્ર સક્ષમ સતાધિકારીનુ આપવાનુ રહેશે.



# આંગણવાડી કાર્યકરની અરજી માટેની માર્ગદર્શિકા

- આંગણવાડી કાર્યકરની ભરતી માટે જો ઉમેદવાર જે તે આંગણવાડીમાં ૧૦ વર્ષનો આંગણવાડી તેડાગરનો અનુભવ તેમજ સરકારશ્રી દ્વારા સૂચિત અન્ય ધારાધોરણ ધરાવતાં હોય તો અનુભવની વિગતમાં આંગણવાડી કાર્યકર તરીકેની અરજીમાં અગ્રતાનાં ધોરણે વિકલ્પ પસંદ કરી, સેવામાં જોડાયેલ તારીખ, આંગણવાડીનું નામ તથા તાલીમ અંગેની વિગતો ભરવાની રહેશે.
- આ ઉપરાંત રહેવાસી હોવા અંગેનુ મામલતદારશ્રીનુ પ્રમાણપત્ર મુજબનું સરનામુ અને પત્ર વ્યવહાર માટેનું સરનામું (*- ફરજીયાત ફિલ્ડ છે) સાથેની તમામ વિગતો ભરાઈ ગયા બાદ **'Submit & Next'** બટન કલીક કરવાનું રહેશે.



# આંગણવાડી કાર્યકરની અરજી માટેની માર્ગદર્શિકા

- ત્યારબાદ નીચે જણાવ્યા મુજબ ઉમેદવારની શૈક્ષણિક લાયકાતની માહિતી ભરવાની રહેશે.

- જાહેરાતમાં દર્શાવ્યા મુજબ આંગણવાડી કાર્યકર માટે નીચે મુજબની શૈક્ષણિક લાયકાત ભરી શકાય,
  - ૧૨ મું ધોરણ પાસ અથવા ધોરણ ૧૦ પાસ પછીના એઆઇસીટીઈ (AICTE) માન્યતા પ્રાપ્ત કોઇપણ ઓછામાં ઓછા ૨ વર્ષના ડીપ્લોમા કોર્સ પાસ (લઘુતમ લાયકાત)
  - ૧૨ માં ધોરણ પાસ પછીનો ઓછામાં ઓછા બે વર્ષનો કોઇ પણ ડીપ્લોમાં કોર્સ/પ્રી-પીટીસી/પીટીસી/બી.એડ.પાસ અથવા સ્નાતક કોર્સ પાસ
  - અનુસ્નાતક કોર્સ પાસ

  **(લઘુતમ શૈક્ષણીક લાયકાત સિવાયની લાયકાત મેરીટ માટે મરજિયાત છે, જો અધુરા/અપૂર્ણ/ખોટા કોર્ષની વિગતો, અરજદાર દ્વારા દર્શાવવામાં આવશે તો અરજી રદ્દ થશે અને મુળ લાયકાત ધ્યાને લેવામા આવશે નહિ.)**

- શૈક્ષણિક લાયકાતની સામે ગુણ અથવા તો ટકાવારીમાં જ માહિતી ભરવાની રહેશે. જે માન્ય યુનિ./કોલેજના માર્કશીટ મુજબ જ હોવી જોઈએ. કોઇએક શૈક્ષણિક લાયકાત કોર્ષમા મેળવેલ ગુણ દર્શાવવાની પધ્ધતિ ગુણ અથવા ટકાવારી એમ બે પૈકી કોઇ એક પ્રકારની પધ્ધતિથી દર્શાવવાની રહેશે.

- **જે કિસ્સામાં માર્ક્સશીટમાં ગ્રેડ/સ્કોર (CPI/CGPA) દર્શાવેલ હોય તે કિસ્સામાં યુનિવર્સિટી/કોલેજ દ્વારા જારી કરવામાં આવેલ ગ્રેડ/સ્કોરમાંથી ગુણ/ટકાવારીની ગણતરી અથવા યુનિવર્સિટી/કોલેજ પાસેથી જ એ ગણતરી થયેલ માર્ક્સ/ટકાવારીનું પ્રમાણપત્ર/માર્ક્સશીટ ફરજિયાત અપલોડ કરવાનું રહેશે.**

- જે કિસ્સાઓમાં અરજદારે એક કરતા વધારે પ્રયત્ન કરી પરીક્ષા પાસ કરેલ હશે તો તેવા કિસ્સાઓમાં અરજદારએ દરેક પ્રયત્નની માર્કશીટ સ્કેન કરી અપલોડ કરવાની રહેશે, એકથી વધુ પ્રયત્ને પાસ થનાર ઉમેદવારે જે તે માર્કશીટનાં પાસ થયેલા વિષય/વિષયોનાં ગુણ જ ગણવાનાં રહેશે. ત્યારબાદ ફરીથી પાસ થયેલ વિષય/વિષયોનાં ગુણ ગણવા. આમ, કુલ ૭ વિષયનાં કુલગુણ ૭૦૦ હોય તો જુદી-જુદી માર્કશીટ પૈકી ૭૦૦ માંથી પાસ થયેલા વિષયોના ગુણજ ગણવા. દા.ત. કુલ-ગુણ ૭૦૦ માંથી ૩૨૫ મેળવેલ ગુણ હોય જેમાં એક વિષયનાં ૨૫ ગુણ સાથે નાપાસ હોય તો મેળવેલ ગુણ ૩૦૦ ગણવાનાં રહેશે. ત્યારબાદ તે વિષયમાં પાસ થવાથી ૫૦ ગુણ હોય તો કુલગુણ ૭૦૦ માંથી મેળવેલ ગુણ ૩૫૦ થશે.

# આંગણવાડી કાર્યકરની અરજી માટેની માર્ગદર્શિકા

સ્ટેપ નં – ૧ : રજીસ્ટ્રેશન | સ્ટેપ નં – ૨ : ઉમેદવારની માહિતી ભરો | સ્ટેપ નં – 3 : અભ્યાસ ની માહિતી ભરો | સ્ટેપ નં – 4 : જરૂરી ડોક્યુમેન્ટસ અપલોડ કરો

## શિક્ષણની વિગતો

**જાહેરાત : Demo Gandhinagar (1101) અરજી નં: 2021000100061**

### ધોરણ–૧૨ અથવા ધો.૧૦ પછી AICTE, માન્ય કોઈ પણ ઓછામાં ઓછો બે કે વધુ વર્ષ નો ડીપ્લોમા કોર્સ. (લઘુતમ લાયકાત)

| અભ્યાસ | ગુણ(Marks)નો પ્રકાર | મેળવેલ ગુણ/ટકાવારી | કુલ ગુણ/ટકાવારી | પરીક્ષા બોર્ડ /યુનિ | વર્ષ | ટ્રાયલ નં | રાજ્ય |
|---|---|---|---|---|---|---|---|
| ધોરણ–૧૨ પાસ | પ્રકાર પસંદ કરો | | | | | | GUJARAT |

(અથવા)

| અભ્યાસ | અભ્યાસ નું નામ | અભ્યાસ નો પ્રકાર | વર્ષ સંખ્યા | બોર્ડ /યુનિ | વર્ષ | રાજ્ય | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ધો.૧૦ પછી AICTE, માન્ય કોઈ પણ ઓછામાં ઓછો બે કે ‹ | | Year | 2 | test | 2000 | GUJARAT | Next | Reset |

| સેમેસ્ટર | ગુણ(Marks)નો પ્રકાર | મેળવેલ ગુણ/ટકાવારી | કુલ ગુણ/ટકાવારી | પ્રયત્ન |
|---|---|---|---|---|
| વર્ષ –1 | ટકાવારી | 90 | 100 | 1 |
| વર્ષ –2 | ટકાવારી | 90 | 100 | 1 |

### ૧૨ માં ધોરણ પાસ પછીનો ઓછામાં ઓછા બે વર્ષનો કોઇ પણ ડીપ્લોમાં કોર્સ/પ્રી–પીટીસી/પીટીસી/બી.એડ.પાસ અથવા સ્નાતક કોર્સ.
(જો અધુરા/અપૂર્ણ /ખોટા કોર્ષ ની વિગતો હશે તો લઘુતમ લાયકાત ધ્યાને લેવામાં આવશે નહિ.)

| અભ્યાસ | અભ્યાસ નો પ્રકાર | વર્ષ સંખ્યા | બોર્ડ /યુનિ | વર્ષ | રાજ્ય | | |
|---|---|---|---|---|---|---|---|
| સ્નાતક | Year | 2 | saurashtra | 2018 | GUJARAT | Next | Reset |

| સેમેસ્ટર | ગુણ(Marks)નો પ્રકાર | મેળવેલ ગુણ/ટકાવારી | કુલ ગુણ/ટકાવારી | પ્રયત્ન |
|---|---|---|---|---|
| વર્ષ –1 | ટકાવારી | 90 | 100 | 1 |
| વર્ષ –2 | ટકાવારી | 80 | 100 | 2 |

### અનુસ્નાતક (જો અધુરા/અપૂર્ણ /ખોટા કોર્ષ ની વિગતો હશે તો લઘુતમ લાયકાત ધ્યાને લેવામાં આવશે નહિ.)

| અન્ય અભ્યાસ | અભ્યાસ નું નામ | અભ્યાસ નો પ્રકાર | વર્ષ સંખ્યા | બોર્ડ /યુનિ | વર્ષ | રાજ્ય | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અનુસ્નાતક | MCom | 1st Year with Sem | 2 | Saurashtra | 2020 | GUJARAT | Next | Reset |

| સેમેસ્ટર | ગુણ(Marks)નો પ્રકાર | મેળવેલ ગુણ/ટકાવારી | કુલ ગુણ/ટકાવારી | પ્રયત્ન |
|---|---|---|---|---|
| વર્ષ –1 | ટકાવારી | 90 | 100 | 1 |
| સેમેસ્ટર –3 | ટકાવારી | 90 | 100 | 1 |
| સેમેસ્ટર –4 | ટકાવારી | 100 | 100 | 2 |

Submit

# ઠરાવ કલમ નં. 7.7 - આંગણવાડી કાર્યકરની પસંદગી માટેની પ્રક્રિયા – ગુણપધ્ધતિ

| ક્રમ | માપદંડ | મહત્તમ ગુણ |
|---|---|---|
| ૧ | ૧૨ મું ધોરણ પાસ અથવા ધોરણ ૧૦ પાસ પછીના એઆઇસીટીઈ (AICTE) માન્યતા પ્રાપ્ત કોઇપણ ઓછામાં ઓછા ૨ વર્ષના ડીપ્લોમા કોર્સ પાસની ટકાવારી | ૨૦ |
| ૨ | ૧૨ માં ધોરણ પાસ પછીનો ઓછામાં ઓછા બે વર્ષનો કોઇ પણ ડીપ્લોમાં કોર્સ/પ્રી-પીટીસી/પીટીસી/બી.એડ.પાસ અથવા સ્નાતક કોર્સ પાસની ટકાવારી | 30 |
| 3 | અનુસ્નાતક કોર્સ પાસની ટકાવારી | 3૦ |
| ૪ | અનામત સંવર્ગ (એસ.સી/એસ.ટી/SEBC(સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ)/ આર્થિક પછાત) | ૧૦ |
| ૫ | વિધવા (લાગુ પડતું હશે તો) | ૧૦ |

નોંધ : ક્રમ ૧, ૨, 3 ની ટકાવારીના પ્રમાણમાં (પ્રોરેટા બેસીસ) ગુણ આપવામાં આવશે.

# આંગણવાડી કાર્યકર અરજી માટેની માર્ગદર્શિકા

- ત્યારબાદ ઉમેદવાર દ્વારા પોતાનો ફોટો અપલોડ કરતાં પહેલા બાજુમાં આપવામાં આવેલ સુચનાઓ વાંચી ફોટો અપલોડ કરવાનો રહેશે. તેમજ ફોટાની સાઈઝ 15 KB થી વધુ ન હોવી જોઈએ. જેનુ ખાસ ધ્યાન રાખવાનું રહેશે.




# આંગણવાડી કાર્યકરની અરજી માટેની માર્ગદર્શિકા


- ત્યારબાદ સ્વ-ઘોષણા (સ્વ-ઘોષણાના ભરેલા નમૂનામા સહી તથા આધાર/ઓળખના પુરાવા સાથે), જન્મનુ માન્ય પ્રમાણપત્ર, મામલતદારશ્રી દ્વારા આપવામાં આવેલ રહેઠાણ અંગેનું પ્રમાણપત્ર, જાતિનું તથા વિધવા હોવાનુ પ્રમાણપત્ર જયાં લાગુ પડતુ હોય તે કિસ્સામા તેમજ શૈક્ષિણક લાયકાત તથા અન્ય પ્રમાણપત્રો PDF ફોર્મેટમાં (2MB થી વધુ ન હોવા જોઈએ) અપલોડ કરવાના રહેશે.(ધોરણ-10ની ફકત પાસ થયાની છેલ્લી માર્કશીટ અપલોડ કરવાની રહેશે)



# આંગણવાડી કાર્યકરની અરજી માટેની માર્ગદર્શિકા


- તમામ પ્રમાણપત્રો અપલોડ થયા બાદ નીચે મુજબના **Draft Application** બટન પર કલીક કરવાનું રહેશે. જે બટન કલીક કર્યાબાદ આપના દ્વારા ઓનલાઈન ભરવામાં આવેલ ફોર્મની સંપુર્ણ વિગતો જોવા મળી શકશે જે ખાસ ચોકસાઈ પુર્વક તપાસી લેવી. જો કોઈ ભુલ ન જણાય તો નીચે મુજબનુ **Confirm & Submit** બટન પર જઇ તમારી અરજીની પ્રીન્ટઆઉટ લેવાની રહેશે.
- **Confirm & Submit** બટન કલીક કર્યાબાદ અરજીમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહી જેથી **Draft Application** બટન પર કલીક કર્યાબાદ આપની અરજી અને અપલોડ કરેલ પ્રમાણપત્રો ઝીણવટ પુર્વક તપાસી લેવી અને જો કોઈ ભુલ જણાય તો મેઈન મેનુમાં **Edit Application** માં જઈ અરજી નંબર આપી થયેલ ભુલને ફરીથી સુધારી શકાશે.




# આંગણવાડી કાર્યકરની અરજી માટેની માર્ગદર્શિકા

- **Draft Application બટન પર કલીક કર્યાબાદ આપની અરજી ઝીણવટ પુર્વક તપાસી લેવી અને જો કોઈ ભુલ જણાય તો મેઈન મેનુમાં Edit Application માં જઈ અરજી નંબર આપી થયેલ ભુલને સુધારી શકાશે અને ત્યારબાદ Confirm & Submit બટન કલીક કર્યાબાદ અરજીને અંતીત કરવાની રહેશે.**



# આંગણવાડી કાર્યકરની અરજી માટેની માર્ગદર્શિકા


- તમામ પ્રકારની ચકાસણી પ્રક્રિયાબાદ આંગણવાડીનુ મેરીટ જાહેર કરવામા આવશે, જે ઉમેદવાર દ્વારા **e-HRMS** વેબસાઇટ પર **Merit List** મેનુમાં જઈ જાહેરાત ક્રમાંક તથા જે તે પોસ્ટ સીલેક્ટ કરી પોતાનો મેરીટ લીસ્ટ ક્રમાંક જોઈ શકશે.
- મેરીટ ક્રમાંકના પહેલા ત્રણ વ્યક્તિ જ નિમણૂંક માટે પ્રતિક્ષા યાદીમા (છ મહિના સુધી) સમાવેશ થશે, જેમને તેમના મેરીટના ક્રમ અનુસાર નિમણૂંક માટે પ્રાધાન્ય આપવામા આવશે.



# આંગણવાડી કાર્યકરની અરજી માટેની માર્ગદર્શિકા

- ઉમેદવાર દ્વારા ઓનલાઈન ભરતી બાબતે કોઈપણ પ્રકારની અપીલ / રજૂઆત / ફરીયાદ હોય તો **Recruitment** મેનુમા **Grievance Registration** મેનુમાં જઈ ઉમેદવારની માગ્યા મુજબની વિગતો ભરી સંક્ષિપ્તમાં અપીલ / રજૂઆત / ફરીયાદ લખી શકશે તેમજ તે અંગેના કોઈ દસ્તાવેજ હોય તો તે પણ **PDF** ફોર્મેટમાં અપલોડ કરી શકાશે. ફાઇનલ મેરીટ અપીલ/રજૂઆત/ફરીયાદના અપીલ સમિતિના નિકાલ આધારીત રહેશે.



# All The Best